રાજ્યમાં સુક્ષ્મ સિંચાઇ ટપક અને ફુવારા પધ્ધતિના કાર્યક્રમની યોજના

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૪૯૭(૩૮)-પાર્ટ-૨.ન
સચિવાલય, ગાંધીનગર
તા.૩૧/૦૩/૨૦૦૮

વંચાણે લીધા (૧) નર્મદા જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૪૯૭-ન. તા.૯/૫/૨૦૦૫

(૨) નર્મદા જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૪૯૭——ન, તા.૨૯/૧૨/૨૦૦૬

(૩) ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની વડોદરાનો તા:૨૩/૧૧/૦૭ ના પત્ર ક્રમાંક : જીજીઆર-સી-એમઆઇએસ/ગવર્નમેંટ કોન્ટ્રીબ્યુશન/૦૭-૦૮

આમુખ

સમગ્ર રાજ્યમાં સુક્ષ્મ સિંચાઇ/ટપક/ફુવારા/રેઇનગન્સ/પોરસપાઇપ/(Micro Irrigation / Drip / Sprinkler / Rainguns / Porous pipes) પધ્ધતિના સરળ અને એકસમાન અમલીકરણ થઇ શકે તે માટે તથા તેનો લાભ વધુ ને વધુ ખેડૂતોને સહેલાઇથી મળી શકે તે માટે એક સંકલીત યોજના નર્મદા,જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ના તા.૯/૫/૨૦૦૫ ના ઠરાવથી અમલમાં મુકાયેલ છે. ઉક્ત યોજના અનુસાર સદર યોજના હેઠળ લાભ મેળવતાં રાજ્યના ખેડૂતોને કુલ એમ.આઇ.એસ. કોસ્ટના ૫૦ ટકા અથવા પ્રતિ હેક્ટર રૂા ૫૦,૦૦૦/- બન્નેમાંથી જે રકમ ઓછી હશે તે સહાય સ્વરૂપે મળવાપાત્ર થાય છે.

વિભાગના ઉપર દર્શાવેલ વંચાણે લીધેલ ઠરાવ (૨) થી યોજના ભાગરૂપે પાણીની સંગ્રહશકિત (ટાંકા)ની જોગવાઇ રાખી શકશે અને તેના ખર્ચનો સમાવેશ ટપક/ફુવારા પધ્ધતિના કુલ ખર્ચમાં કરી શકશે. જે જોગવાઇ મરજીયાત રહેશે. આ કુલ ખર્ચ ઉપર સહાયની રકમ ઉપર જણાવ્યું તેમ ગણવાની થાય છે.

ખેડૂતોના પ્રતિનિધિ મંડળો તરફથી રાજ્ય સરકારને અવારનવાર સહાયની રકમ વધારવા માટે રજૂઆત કરવામાં આવતી હતી. સંગ્રહશક્તિનો ખર્ચ ઉમેરવા છતાં સહાયનું ધોરણ બદલાતું ન હતું, તે સુધારવા અંગે પણ રાજય સરકારને અવારનવાર રજૂઆતો મળેલ.

ઠરાવ :

રાજ્યમાં સુક્ષ્મ સિંચાઇ/ટપક/ફુવારા/રેઇનગન્સ/પોરસપાઇપ પધ્ધતિની રાજ્ય સરકારની હયાત યોજનામાં સહાય વધારવા માટે મળેલ રજુઆતો અને વખતો વખત ઉચ્ચકક્ષાએ થયેલ સમીક્ષા બેઠકોમાં ખેડૂતોના લાભાર્થે લેવાયેલ નિર્ણયો મુજબ નીચે મુજબ ની બાબત ઠરાવવામાં આવે છે.

(૧) સદર યોજના હેઠળ લાભ મેળવતા રાજ્યના ખેડુતોને મળતી સરકારી સહાયની રકમની મર્યાદા જે અગાઉ રૂા ૫૦,૦૦૦/- પ્રતિ હેક્ટર હતી તે વધારીને રૂ। ૬૦.૦૦૦/- પ્રતિ હેક્ટર કરવામાં આવે છે. એટલે કે કુલ એમ.આઇ.એસ કોસ્ટના ૫૦ ટકા અથવા પ્રતિ હેકટર રૂપિયા ૬૦,૦૦૦/- બંન્નેમાંથી જે ઓછી રકમ હશે તે રકમનો ફાળો હવેથી મળવાપાત્ર થશે. તથા યોજનાના ભાગરૂપે પાણીના સંગ્રહશકિત માટે સમ્પ (ટાંકા) ની જરૂર હશે તે કરી શકશે જેના ખર્ચનો સમાવેશ યોજનાના કુલ ખર્ચમાં કરી લેવાનો રહેશે. જો કે, આ જોગવાઇ મરજીયાત છે.

(૨) આ ઠરાવની જોગવાઈઓનો અમલ તા. ૧/૪/૨૦૦૮ થી શરૂ કરવામા આવશે એટલે કે તા. ૧/૪/૨૦૦૮ પછી મંજુર કરવામાં આવનાર નવી અરજીઓને આ ઠરાવની જોગવાઈઓ લાગુ પડશે.

(૩) આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગના તા.૧૫/૧/૦૮ થી મળેલ સહમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(વી.ઓ.પરીખ)
ઉપસચિવ (નર્મદા)
નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

નકલ સાદર રવાના પ્રતિ :-

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(નાણાં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (મહેસુલ, આપત્તિ વ્યવસ્થાપન, મા અને મ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(પા.પુ.અને જ.સં.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (કૃષિ અને સહકાર) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ, વન અને પર્યાવરણ)ના અં. સ.શ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી(ગૃહ, જેલ, નશાબંધી, કાયદો અને ન્યાયતંત્ર)ના અં. સ.શ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી(નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ)ના અં. સ.શ્રી, સચિવાલય, ગાંધીનગર

- મુખ્ય સચિવશ્રી, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી અને વહિવટી સંચાલકશ્રી. સ સ ન નિ લિ, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની, મુ. ફર્ટીલાઇઝરનગર ,જિ: વડોદરા
- અધ્યક્ષશ્રી, જી.ઇ.બી. વડોદરા
- અધ્યક્ષશ્રી, ગુજરાત એગ્રો લી., ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ અને સહકાર), સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ખર્ચ ).નાણા વિભાગ ,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (મહેસુલ વિભાગ), સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (વન અને પર્યાવરણ વિભાગ), સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ઉર્જા વિભાગ), સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (જ.સં) ન.જ.સં.પા.પુ.અને કલ્પસર વિભાગ., સચિવાલય, ગાંધીનગર
- સંયુક્ત વહિવટી નિયામકશ્રી. સ સ ન નિ લિ, ગાંધીનગર
- સચિવશ્રી (આ.બા), નાણાં વિભાગ, સચિવાલય . ગાંધીનગર
- સચિવશ્રી (કૃષિ) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (નર્મદા) ન.જ.સં.પા.પુ.અને કલ્પસર વિભાગ સચિવાલય . ગાંધીનગર
- સચિવશ્રી (તમામ), સચિવાલય , ગાંધીનગર
- વહીવટી સંચાલકશ્રી ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની , વડોદરા
- સંચાલકશ્રી (વહીવટ) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી., વડોદરા
- કલેક્ટરશ્રી (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)

-સીલેકટ ફાઇલ